૨૪૦૫

# દેવ દ્રવ્ય.

આ વિષય ઉપર સંવત ૧૯૪૧ ના માગશર વદી ૨
ને દિવસે શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં
દયેલું ભાષણ સુધારા તથા વધારા સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

અમદાવાદ.

યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ એજન્સી
કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૧ સને ૧૮૮૫

કીંમત બે આના.

# ૨૪૦૫

## પ્રીય વાંચનાર !

સભા બાંધવાનો રીવાજ ઇંગ્રેજી રાજ્ય થયાં અગાઉ નહોતો એમ કહીએતો ચાલે, પરંતુ જ્યારથી આ આર્યભૂમિ ઉપર ઇંગ્રેજી રાજ્ય થયું ત્યારથી તે પ્રજાને લગતા કેટલાએક ધારા આપણા દેશીઓમાં દાખલ થયા તે પ્રમાણે સભા સ્થાપવાનો રીવાજ પણ ચાલ્યો. અને લોકોપયોગી કેટલી એક સભાઓ બંધાણી; પરંતુ અદ્યાપિ પર્યંત આપણા જૈનધર્મીઓની એકપણ સભા કોઈ પણ સ્થલે નહોતી. જે કામ ઘણા માણસોથી બની શકતું નથી તે કામ જો પાંચ માણસો એકત્ર થઇને કરવા ધારે તો સારી રીતે કરી સકે છે અને એ પ્રમાણે એકત્ર વિચારના મનુષ્યો ન હોવાથી કેટલી એક વખત ધર્મસબંધી ઘણા કાર્યો અવ્યવસ્થિતસ્થિતીમાં રહેછે અને તેથી કરીને સભા બાંધી સારાં સારાં કાર્યો કરવામાં ધ્યાન આપવું એ ઉત્તમ કાર્ય ગણાયછે. એવો વિચાર એક સાથે અમારા સર્વે મિત્રોના હૃદયમાં ઉત્પન્ન થવાથી સંવત ૧૯૩૭ના જેષ્ટશુદિ ૧૪ને દિવસે શુભ મહુર્તે "શ્રી જૈન ધર્મ પ્રસારકસભા" એવું નામ રાખીને આ સભાનું સ્થાપન કર્યું. જ્યારે

આવી રીતે સભા બાંધી "જૈનધર્મ" એ શબ્દ સાથે કાંઇ પણ નામ ધારણ કર્યું ત્યારે તે નામ સાર્થક થાય તેવા કૃત્યો કરવાની સર્વે સભાસદોની ફરજ છે—સ. ભાસદોએ ધર્મ સંબંધી કાર્યોમાં સારો ભાગ બજાવવો, સારી રીતે અભ્યાસ કરવો, બીજાઓને પણ અધ્યયન કરાવવા પ્રયાસ કરવો, શ્રાવક વર્ગને ઉચિત નિયમો પાળવા, સુકીર્તિ પ્રાપ્ત થાય તેવી રીતે વર્તવું, અન્યજ- નોને સુમાર્ગે પ્રવર્તાવવા તથા નિયમો ગ્રહણ કરવા, પબ્લીક સભાઓ ભરીને ભાષણ આપવા—એ વિગેરે કાર્યો કરવાથી ધારણ કરેલા સભાના નામનું સાર્થક થાયછે પરંતુ જ્યારે તે પ્રમાણે ન વર્તતાં તેથી ઉલટી રીતે એટલે પોતે વિદ્યાભ્યાસ કરવો, બીજાઓને અ- ધ્યયન કરાવવા પ્રયત્ન કરવો, નિયમો પાળવા, બીજા- ઓને સુધારવા, ભાષણો આપવાં, ધર્મ સંબંધી કાર્યોમાં ધ્યાન આપવું—વિગેરે કાર્યો ન કરતા ફક્ત સભાનું કાંઇ પણ નામ ધારણ કરી ફોગટ બેસી રહેવું તેથી કરીને "ડોળઘાલુસભા" એવું ઉપનામ લોકો તરફથી પ્રાપ્ત થાયછે. જ્યારથી આ સભાનું સ્થાપન કરવામાં આવ્યું ત્યારથી આ પ્રકારનું કલંક સભાને ન પ્રાપ્ત થાય એ બાબત ઉપર સઘળા સભાસદોનું પૂરતું ધ્યાન હતું.

તે વિચારને અનુસરીને આજ સુધીમાં સભા તરફથી 'સુભાષીત સ્તવનાવળી' નામની ચોપડીના બે ભાગ બહાર પાડવામાં આવ્યાછે, હાલમાં માહારાજ શ્રી આત્મારામજીએ બનાવેલ તથા તેનીઅંદર મહારાજ શ્રી વૃદ્ધીચંદજીએ વધારો કરાવેલ 'સમકિત સલ્યોદ્ધાર' નામે ગ્રંથ છપાય છે, સર્વે સ્વધર્મી ભાઇઓ વાંચીને સુમાર્ગે પ્રવર્તે એવા હેતુથી એક પુસ્તકાલય સ્થાપી તેની અંદર તમામ છપાયલાં પુસ્તકોનો સંગ્રહ કર્યો છે, આ શહેરમાં થયેલા સમવસરણ વિગેરે ધર્મ સંબંધી કાર્યોમાં સભાસદોએ સારો ભાગ બજાવેલો છે, વારંવાર પબ્લીક સભાઓ ભરી જૂદા જાદા વિષયો ઉપર ભાષણો આપવામાં આવેછે, મળતી ફુરસદે સભાસદો સારો અભ્યાસ કરેછે, બીજા શિશુવયના બાળકોને વિદ્યાભ્યાસ કરાવવા પ્રયત્ન કરેછે—વિગેરે ઘણા કાર્યો સભાનું નામ સાર્થક થાય એવા હેતુથી કરવામાં આવે છે. વળી હાલમાં આણંદજી કલ્યાણજીની પેઢીના નામા વિગેરે કેટલા એક કાર્યોમાં સભાસદો સારો ભાગ લેછે અને હજુ પણ જેમ બને તેમ સભાનું નામ સાર્થક કરવા દરેક સભાસદ પોતાના તન, મન અને ધનથી ઉત્કંડા ધરાવે છે.

સભાનું ફંડ ઘણું મોટું નથી પરંતુ ભાવનગર નિવાસી સોળ તથા મુંબાઇ વાસી ચાર મળી કુલ વીશ સભાસદો છે તેમની ફીની એક વર્ષની રૂ ૬૦) ની ઉપજ છે તેની અંદરથી મકાનના ભાડા વિગેરેનો ખર્ચ ચાલે છે. કોઈ કોઈ વખતે સભાને અડચણ આવેલી, પરંતુ "સત્યમેવજયતે" એ કહેવત મુજબ બીલકુલ નુકશાન થયું નથી.

સભા સદાને તેમનો જન્મ સફળ કરવાને માટે ધર્મને માર્ગે ચડાવવામાં મુખ્ય ઉપગાર શ્રી મન્મહારાજ શ્રી વૃદ્ધીચંદજીનો છે અને અદ્યાપિ પર્યંત સભા ઉપર તેમની પૂર્ણ રીતે કૃપા છે; વળી આ શહેરના સંઘના મુખ્ય સદ્ગ્રહસ્થો સભાના કાર્યોથી પ્રસન્ન થઈ સભાની ઉપર ઘણી મીઠી નજરે જૂએ છે અને નિરંતર સભાનીઉપર કૃપા દ્રષ્ટી દર્શાવે છે તેથી તે સર્વેનો આ સભા પૂરતો ઉપકાર માને છે.

સદ્ગ્રહસ્થો! હાલમાં શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણા, છાપરીયાલી, રોહીશાળા, ચીરોડા તથા ભાવનગર વિગેરે શહેરની પેઢીની અંદર કેટલાએક જુના નોકરોએ ઘણોજ બીગાડ કરેલો છે એટલે દેવદ્રવ્યનો નાશ ઉર્ફે ભક્ષણ કરેલું છે. સુજ્ઞ બંધુઓ! ઉપલું વાક્ય

લખતાં અત્યંત કંપારી છૂટેછે કે આતે કેવો ગજબ કહેવાય !!! દેવદ્રવ્ય જેનું રક્ષણ કરવું જોઇએ તેનું ભક્ષણ!! જે નોકરોને રૂપીયા ખરચીને રક્ષણ કરવાને વાસ્તે રાખેલા તેમણેજ બહોળે હાથે ભક્ષણ કર્યું ને પોતે શ્રાવક છતાં પાપનો કાંઇ પણ ડર રાખ્યો નહીં વિગેરે બાબતો જ્યારથી બહાર પડી છે ત્યારથી આ સભાના પ્રમુખ મી, કુંવરજી આણંદજી જેઓ હાલમાં તે કાર્યને વિષે ઘણોજ પ્રયાસ લેછે તેમનો એક વખત પબ્લીક સભા ભરી "દેવદ્રવ્ય" એ વિષય ઉપર ભાષણ આપવાનો વિચાર હતો. ગયા માગશર વદી ૧ ને દિવસે શેઠ વીરચંદભાઇ દીપચંદ તેજ કાર્યને વાસ્તે અત્રે પધાર્યા હતા તેઓના માનની ખાતર માગશર વદી ૨ ને દિવસે તેમના સરનશીન પણા નીચે એક પબ્લીક સભા ભરવામાં આવી હતી. પોતાની ઘણા દિવસની મુરાદ હાંસલ કરવાની આ સારી તક જોઈ મી. કુંવરજી "દેવ દ્રવ્ય" એ વિષય ઉપર ભાષણ લખી લાવ્યા હતા તેતે સમયે વાંચવામાં આવ્યું હતું. આ ભાષણ ઘણું રસીક અને અસરકારક હોવાથી પ્રમુખ સાહેબ (વીરચંદભાઇ) તથા સભાની અંદર બીરાજેલા અત્રેના ગ્રહસ્થોએ તે

છપાવવાને ખાસ ભલામણ કરેલી હતી; તેવા સદગ્રહસ્થોની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય અને સર્વે સુધર્મી ભાઇઓ આ ભાષણ વાંચવાનો લાભ લઈ શકે એવા હેતુથી છપાવી બહાર પાડવામાં આવેલ છે, જે વાંચી દરેક સ્વધર્મી બંધુ દેવદ્રવ્યનું રક્ષણ કરવાને વાસ્તે ઉદ્યુકત થશો એવી આશા છે. તથાસ્તુ.

મંત્રી.

# "દેવ દ્રવ્ય."

દેવદ્રવ્યના મુખ્ય બે પ્રકાર છે ૧ સાધારણ ચૈત્યોનું દ્રવ્ય, ૨ તિર્થનું દ્રવ્ય; આ બંને દ્રવ્યમાં તિર્થ દ્રવ્ય વિશેષાધિક છે, કારણ કે સાધારણ ચૈત્યોનું દ્રવ્ય જરૂર પડે તો તિર્થના કાર્યમાં વાપરી શકાય છે, પરંતુ તિર્થ દ્રવ્ય અન્ય ચૈત્યોમાં વાપરી શકાતું નથી, કારણ કે તે દ્રવ્ય તિર્થ રક્ષણને માટે એકઠું કરવામાં આવે છે. આવી રીતે તિર્થ દ્રવ્ય સર્વોત્કૃષ્ટ છે તેમજ સર્વ તિર્થોમાં શ્રી શત્રુજય તિર્થ સર્વોત્કૃષ્ટ છે. આણંદજી કલ્યાણજીની પેઢીના જુના નોકરોએ એજ તિર્થનું દ્રવ્ય જેમ ફાવ્યું તેમ હજમ કરેલું છે તે બાબત મુંબઇ ઇલાકાના અમદાવાદ, મુંબઇ અને ભાવનગર વિગેરે શેહેરોમાં ઘણી ચરચા ચાલી રહી છે અને તે શેહેરોના ગ્રહસ્થો સદરહુ નોકરોને પુરતી શીક્ષાએ પોહોચાડવા માટે પણ ઉધુક્ત થયેલા જણાયછે. શાસ્રોક્ત રીતિએ વિચારતાં, પોતાની શુભ કમાણીમાંથી પુન્ય પ્રાપ્તી અર્થે તિર્થક્ષેત્રમાં આપેલું દ્રવ્ય જેઓ ભક્ષણ કરે તેને મહા-

પાપીષ્ટ તેમજ અધમ કહેવાને માટે કાંઇ પણ બાધક જણાતો નથી.

હાલમાં ઘણા વર્ષોથી શ્રી શત્રુંજય તિર્થના દ્રવ્યની ગેરવ્યવસ્થા બીન સંભાળના અથવા ઓછી સંભાળના કારણથી થએલીછે; તો પણ થોડા વખતથી તે ગેરવ્યવસ્થા મટાડવાને માટે મુંબઇ, અમદાવાદ તથા ભાવનગરના શેઠીઆઓએ સારૂં લક્ષ આપેલું જણાય છે. જુના નોકરોમાંથી કેટલાએકને નોકરીથી દુર કરેલાછે અને બીજાઓને કરવાનાછે, સારા આબરૂદાર અને ભરૂંસાદાર નોકરોને રાખવામાં આવેલાછે તેથી દિવસાનુ દિવસ સુધારો થવાની સંભાવના કરી શકાય છે. આ તિર્થનો નાણા સંબંધી તથા બીજો તમામ વહીવટ કરવાને (૪૦) પ્રતિનિધીઓની એક કમીટી કરવામાં આવેલીછે, તેમાં પણ મુખ્ય વહીવટ કરનાર પ્રતિનીધી (૮) ની મેનેજીંગ કમીટી સ્થાપન કરેલીછે. તેમણે આ બાબતમાં સંપુર્ણ લક્ષ આપેલું જણાયછે. જો કે તેમની ફરજ લક્ષ આપવાનીજછે તોપણ આ બાબતને માટે તેમનો શ્રી સંઘે આભાર માનવો ઘટેછે.

મુખ્યત્વે કરીને દેવ દ્રવ્યનો બીગાડ થવાના નીચે જણાવ્યાંછે તેજ કારણોછે.

૧ કોઇ ગામ અથવા શેહેરમાં અગાઉ સારી સ્થીતિમાં હોવા છતાં પાછળથી તમામ શ્રાવકવર્ગ નબળી સ્થીતિમાં આવી જાય તે દરમ્યાન દેવદ્રવ્યની સંભાળ રાખનાર કોઇ સારી સ્થીતિવાળુ હોતું નથી ત્યારે તેમાં જરૂર બીગાડ થાયછે.

૨ કેટલાએક મોટા માણુસો નામના ઉપરી ગણાઇ, એક વહીવટ કરનારને હાથે તેની નજરમાં આવે તેમ દેવદ્રવ્યની તથા તે સંબંધી મીલકતની લેવડદેવડ કરવા તથા ખરચ કરવા તથા કારભાર ચલાવવા દઇ, પોતે બીનદરકારી થઇ, તપાસ ન રાખી, તેવા માણસોને ભરૂંસે બેશી રહેવાથી, અથવા તો શરમમાં પડી જેમ કરે તેમ કરવા દેવાથી, તેમજ કોઇ સારા વહીવટ કરનાર અથવા સંભાળનાર પુન્યશાળી મળ્યા હોય અથવા મળે, અને તે કોઇ વાત પુછે અથવા બતાવે અથવા મદદ માગે તો તે ન આપવાથી, અને વખતપર તેના કૃત્યમાં અજાણપણાથી અનાયાસે આવેલી ભુલને વખોડવાથી, અથવા તો તે કામનો સઘળો બોજો તેને શીર નાખી દેવાની દેહેશત બતાવવાથી કે નાખી દેવાથી, અને પોતે અલગ રહી વાતો કરવાથી તથા તેવા કારણોથી બીગાડ થતો આપણા સાંભ-

ળવામાં આવ્યોછે, અને આવેછે.

આ પ્રમાણે બીગાડ થાયછે તેના મુખ્ય કારણીક પ્રથમ તો આપણેજ છીએ. કારણ કે પુર્વાચાર્યો જેઓ મહાન્ પંડીતો હતા અને અવસરના જાણ હતા તેઓ શ્રાદ્ધવિધી, શ્રાદ્ધજીતકલ્પ, વિવેકવિલાસ, અર્થદીપીકા, યોગશાસ્ત્રનીટીકા, દ્રવ્યશીત્તરી, આચારોપદેશ, આચારદીનકૃત્ય, પુજાપ્રકરણ, શત્રુંજય લઘુકલ્પ તથા સંબોધ શીત્તરી આદી અનેક ગ્રંથોમાં દેવદ્રવ્યની વ્યવસ્થા કેવી રીતે કરવી, કેવી રીતે અને કયાં વાપરવું, કેમ વૃદ્ધિ કરવી, વૃદ્ધિ કરવાથી તથા રક્ષણ કરવાથી શું ફાયદો છે, ન કરવાથી શું નુકશાનછે, ઉવેખી મુકવાથી શું પ્રાયશ્ચિતછે, સંભાળ કોણે કરવી ઉચીતછે વિગેરે સવિસ્તરપણે કહી ગયેલાછે. તેવા ગ્રંથો આપણે સુગુરૂ સમીપે સાંભળેલા અથવા વાંચેલા છતાં, તેમાં બતાવેલી રીતિ પ્રમાણે ન ચાલી, પોતાનો સ્વાર્થ વહાલો કરી તથા બીનદરકારી થઇ, જેમ ચાલે તેમ ચાલવા દઇયે છીએ અને તે વિશે કાંઈ પણ વિચાર ન કરતાં ઘરમાં તથા બીજે ઠેકાણે બેશી, નકામી વાતો કરી વખત ગુમાવીએ છીએ; વળી કાંઇ કરતા નથી એટલું-

નહીં પરંતુ વખતપર તેવી નકામી વાતો કરી શુદ્ધ રીતે સંભાળ રાખનારા ગુણવંત પુરૂષોનાં દીલ દુખાવી, કંટાળો આપી તેમને કામ છોડી દેવાની ફરજ પાડીએ છીએ, અને તેવા કામમાં ગેરવ્યાજબી રીતે ચાલનારા તથા બીગાડ કરનારા અને યોગ્ય રીતે સંભાળ નહીં રાખનારા પુરૂષોના ગુણગાઇ અથવા તેમને મદદ કરી, તેમનું ઉપરાણું લઇ, થતા બીગાડમાં વધારો કરાવવાનાં કારણીક થઇએ છીએ. આ મોટી દીલગીરીની વાત છે, માટે તેવી રીતે ન વર્ત્તવું અને સારી રીતે વર્ત્તવું તે સર્વે જૈનધર્મી સુજ્ઞ સજ્જનોની મુખ્ય ફરજ છે. આ ઉપરથી સત્ય વર્ત્તણુકે વર્ત્તવા માટે સર્વે શ્રાવક ભાઇઓએ પોતાના હૃદયમાં મુકરર કરવું જોઇએ.

દેવદ્રવ્ય સંબંધી ગ્રંથકારોએ કેવી રીતે કથન કરેલું છે તે ગ્રંથનાં નામ કેટલા એક પાઠ સાથે આ નીચે દર્શાવ્યાં છે.

૧ શ્રી સારાવળી પયન્નામાં કહ્યુંછે કે

पूया करणे पुन्नं, एगगुणं, सयगुणंच पडिमाए ॥
जिणभवणेण सहस्सं, अनंतगुणं पालणे होइ ॥१॥

અર્થ—પૂજા કરવાથી એકગણું પુન્ય થાય, તેથી

સોગણું પુન્યપ્રતિમા ભરાવવાથી થાય, તેથી હજાર ગણું પુન્યજીન ચૈત્ય કરાવવાથી થાય અને અનંત ગણું પુન્ય તેનું પાલણ કરવાથી એટલે તિર્થનું; ચૈત્યનું અથવા દેવદ્રવ્યનું રક્ષણ કરવાથી થાય.

૨ શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં દેવ દ્રવ્યને અધિકારે કહ્યુંછે કે ધરમાદાના હરકોઇ ખાતાના ઓછામાંઓછા ચાર પુરૂષ સંભાળ કરનાર હોવાજ જોઇએ, તે એવી રીતે કે એકની પાસે કુંચી, બીજાનો હુકમ, ત્રીજા પાસે નામુ અને ચોથો માણસ તપાશીને સહી કરે. આ ચારમાંથી દ્રવ્યની મોટી રકમ કાઢવા મુકવામાં બેથી ત્રણ જણાઓએ સાથે રહેવું જોઇએ. આવો બંદોબસ્ત હોયતો તે દ્રવ્યનો બગાડ થવાનો બીલકુલ સંભવ રહેતો નથી.

૩ વિવેકવિલાસ નામે ગ્રંથમાં કહ્યુંછે કે, દેવદ્રવ્ય કોઇને પણ અંગઉધાર ધીરવું નહીં, પણ તેનું વ્યાજ સોના રૂપાના દાગીના ઉપર અથવા જાગીર ઉપર ધીરીને ઉત્પન્ન કરવું. મીલકત કે જાગીર જેની ઉપર દેવ દ્રવ્ય ધીરવામાં આવે તે એક જણના નામથી ધીરવી નહીં. આ પ્રકારે થવાથી કોઈ રીતે તેમાંથી ખવાઈ જવાનું બની શકશે નહીં.

૪ શ્રાદ્ધજીત કલ્પમાં કહ્યુંછે કે, દેવદ્રવ્યની વ્યવસ્થા

કરનારને એક રૂપૈયાનું પરચુરણ જોઇતું હોય અને તે પોતાના પાસેના દેવદ્રવ્યની સીલકમાં હોય તોપણ ત્રીજા માણસને પાસે રાખ્યા શિવાય તેણે કાઢવું નહીં. આ બાબત જેને ત્યાં ઘર દેરાસર હોય તેને માટે પણ લાગુ પડે છે. આ કથન ઉપર વીચારવું જોઇએ કે જ્યારે રૂપીઓ નાંખીને પરચુરણ લેવા માટે પણ એકલાને સત્તા નથી અથવા વ્યાજબી નથી તોપછી બીન રજાએ મોટી રકમો પોતાના ઉપયોગમાં લેવી તે કેવું ગેરવ્યાજબી તેમજ દોષીત કહેવાય ?

૫ દ્રવ્યશીતરી પ્રકરણમાં દેવદ્રવ્ય, નીચ વેપારે કરી, તથા નીચ ધંધાદારીઓને ધીરીને વધારવાની ચોખ્ખી ના કહીછે, તેમજ કેટલાએક ગ્રંથમાં શ્રાવકને ધીરવા માટે પણ ના કહેલીછે. અને હાકહેલી હોય તેવો કોઇ પણ ગ્રંથ દીઠામાં આવતો નથી; ન ધીરવાનું કારણ મુખ્યતો એજછે કે શ્રાવકે શ્રાવક પાસે તે દ્રવ્યની ઉઘરાણી લાજ શરમને લીધે કરી શકાય નહીં અને તેથી તે દ્રવ્ય ડુબી જાય.

૬ કેટલાએક શ્રાવકો એમ સમજેછે કે દેવદ્રવ્ય સાચવવાનો અધિકાર ગુરૂજીનો છે. આમ સમજીને અજ્ઞાન શ્રાવકો, ચારિત્રથી ભ્રષ્ટ થએલા એવા જતિ-

ઓને તે દ્રવ્ય સોંપેછે પણ શ્રાવકાચારરાસ તથા બીજા અનેક ગ્રંથોમાં સાધુ તથા યતિઓને દ્રવ્યને અડકવાની પણ ચોખ્ખી ના કહીછે તો પાસે રાખવું તથા ધીરધાર કરવી તેમજ વેપાર કરવો તેની હા કયાંથીજ હોય ! માટે એવી રીતે જતિ વિગેરેને તેની સોંપણ કરવીજ ન જોઇએ. આ પ્રમાણે સમજવામાં આવ્યા છતાં જે શ્રાવક તેઓને દેવદ્રવ્ય અથવા સ્વદ્રવ્ય આપેછે તે તેના મહા વ્રતોનો ભંગ કરાવનાર થાયછે.

૭ શ્રાદ્ધ વિધિ તથા યોગશાસ્ત્રદીપિકા વિગેરે અનેક ગ્રંથોમાં કહ્યુંછે કે પુન્યવંત શ્રાવકોએ પુન્ય ધર્મની વૃદ્ધિને હેતે તથા સાસનના ઉદ્યોતને નિમીતે દેરાસરો, ધર્મશાળાઓ, પોસહશાળાઓ, ઉપાશ્રયો, જ્ઞાનના ભંડારો, પ્રભુના આભુષણો, પ્રભુ પધરાવવાના રથો, પાલખીઓ, ઇંદ્રધ્વજો, ચામ્મરો, ચૈત્યના ઉપગરણો તથા જ્ઞાનના ઉપગરણો વિગેરે અનેક વસ્તુઓ, પોતાના દ્રવ્થી અથવા પ્રયાસથી નિષ્પન્ન થયેલું કે કરેલું દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય હોય તેમાંથી નીપજાવવી; નીપજાવીને તે સાહીત્યોથી સાસનની ઉન્નત્તી કરી, પાછળ તેની વ્યવસ્થા થાય તેવો બંદોબસ્ત કરી અથવા ઉપજ કરી આપી શ્રી સંઘને સંભાળને અર્થે સોંપવી અને પોતે પણ

પોતાની હયાતીમાં બનતી રીતે મદદ કરી દેખરેખ રાખવી; પણ તે પ્રમાણે ન કરતાં જો કોઈ પોતાની મોટાઇ ગણી આપવા લેવાના કામમાં હુકમપણું ધરાવી વ્યવસ્થા કરવાનું કામ પોતે રાખે તોતે કામનો વહીવટ પોતાની સારી સ્થીતિ હોય અને દાનત પાક રહે ત્યાં સુધી તથા પોતાનો કુટુંબ પરિવાર ધર્મીષ્ટ હોય ત્યાં સુધી જુજકાળ સારી રીતે ચાલે પણ દૈવ યોગથી પોતાની અથવા પોતાના કુટુંબની સ્થીતિ બગડવા માંડે ત્યારે "ભુખી કુતરી લોટીલાને ખાય" એ કહેવત પ્રમાણે પોતાની આબરૂ રાખવાના તથા દ્રવ્યવાન રહેવાના હેતુથી પરમેશ્વરની, તથા આગામી કાળની બીક ન ગણતાં તે દ્રવ્યનો ઉપભોગ લાચારીથી કે ખુશીથી કરેછે, અને પછી તે વાત ઢાંકવા અનેક પ્રકારના કાળા ધોળા કરવા પડેછે, તોપણ છેવટે તે ઢાંક્યું રહેતું નથી તેથી આ ભવમાં આબરૂની હાની થાયછે, કોઈ સત્તાધારી સામા પડયા હોયછે તો ભક્ષણ કરેલું દ્રવ્ય ઓકવું પડેછે અને આવતા ભવમાં સંસારમાં રઝળવાનું અંગીકાર કરવુ પડેછે, તેમજ તેની પાછળ તેના નાતીલા જાતીલા કુટુંબ પરિવાર તથા મહોબત વાળાઓને શરમાવું પડેછે અને નીચા જોવું

થાયછે. આ ઉપરથી દેવદ્રવ્યની સંભાળ ઘણીજ સાવચેતીથી પોતાને ડાઘ ન લાગે તેવી રીતે કરવી જોઇએ પણ ડાઘ લાગવાના ભયથી સંભાળજ ન કરવીં એવો વિચાર કોઇએ પોતાના હૃદયમાં ધારણ કરવો જોઇએ નહીં. કારણકે દેવદ્રવ્યની સંભાળ કરવાનું કાર્ય શ્રાવકને માટેજ છે. તેમજ ઉવેખી મુકવાથી શ્રાવકને પ્રાયશ્ચિત પણ કહેલુંછે આ બાબત આગળ ઉપર વધારે લખવામાં આવશે,

૮ કેટલાએક ગ્રંથોમાં કહ્યુંછે કે જેણે દેવ દ્રવ્યનું ભક્ષણ કર્યું હોય અથવા જેની પાસે દેવદ્રવ્ય લેણું રહ્યું હોય તેની પાસેથી હરેક પ્રકારે વસુલ કરવું, પણ જો તે શખ્સની દ્રવ્ય આપવાની શકિત ન હોય અને તે સંઘ પાસે દેવાથી છુટો થવા આજીજી કરતો હોય તો શ્રીસંઘે તેની યોગ્યતા જોઇને છુટકો કરવો અથવા તો પુણ્યવંત શ્રાવકે પોતાના પદરથી રૂપીયા ભરી ખાતું ચુકતું કરાવવું, પરંતુ જે શખ્સ છતી શકિતએ બદદાનતથી આપતો ન હોય તો તેના ઘરનું પાણી પીવું તે પણ શ્રાવકને કલ્પતું નથી એટલુંજ નહીં પરંતુ તેને પુરતી શિક્ષાએ પહોચાડી બીજાઓ તેવી બદદાનત કરતાં આંચકો ખાય તેમ કરવું જોઇયે. વળી દેવદ્રવ્યમાં દુષી-

ત થયેલ શખ્સ આબરૂવાન અથવા ધનાઢય હોય અને તેની સામા પડી શકવાની શકિત ન હોય અને તેને ઘરે દાક્ષિણતાએ કરીને કદી જમવું પડતું હોય તો તે જમણની કિંમત શ્રાવકે દેરાસરના ભંડારમાં નાખવી પરંતુ ફગટનું જમવું નહીં.

૯ શ્રી ચંદકેવળીના ચરિત્રમાં કહ્યુંછે કે કોઈ ગામના ઘણા શ્રાવકોએ દેવદ્રવ્ય ભક્ષણ કરેલું તેથી તે ગામની સ્થીતિ ઘણીજ બગડેલી, તે જોઈ શ્રી ચંદ કુંવરે તે ગામના શ્રાવકોને સારી રીતે ઉપદેશ દઈ દેવદ્રવ્યના દોષથી મુકત થવા સમજાવી તે ગામનું પાણી પણ પીધા શિવાય ચાલ્યા ગયા.

૧૦ કેટલાએક પુન્યવંત શ્રાવકો ઉજમણાં કરી હજારો રૂપીયા ખરચી ચંદરવા, પુંઠીયાં, તોરણ, રૂમાલ, પાઠા, સોના રૂપાના કળશ; રકાબીઓ, ધુપધાણાંઓ, વાટકીઓ વિગેરે મૂકેછે; આ સઘળો સામાન જ્યાં જયાં યોગ્ય લાગે ત્યાં ત્યાં તરતજ આપી દેવાનું તથા મોકલાવી દેવાનું શાસ્રકારે કહ્યા છતાં તેમાંનો જુજ સામાન ઘટીત જગ્યાએ આપી બાકીનો શોભીતો અને કિમતી સામાન પોતાના ઘરમાં સંઘરી રાખેછે. અને વખતપર વાપરવા કાઢે છે અથવા વાપરવા આપેછે,

પરંતુ તે અયુક્ત છે, કારણકે તેવી રીતે થવાથી વખત-
ની બારીકાઈ અથવા અસ્તોદયના ચક્ર ભ્રમણથી જ્યારે
પોતાની સ્થિતિ બદલાય છે ત્યારે તે સામાન ખવાઈ
ચવાઈ જતો, વેચાતો અથવા ખેંચાઇ જતો જોવામાં
આવેછે, અને તેથી કરીને પુન્ય કરતાં પાપનો બંધ
અધિક થઈ પડેછે. શાસ્ત્રકારે જેવો દોષ દેવદ્રવ્યને માટે
કહેલો છે તેવોજ દોષ તેને માટે પણ કહેલોછે.

૧૧ કેટલાએક શ્રીમંત ગૃહસ્થો જ્ઞાનના ભંડારો ક-
રીને લાખો રૂપિઆ ખરચેછે તેમજ પ્રાચિન કાળમાં
તેવા ભંડારો અસંખ્ય દ્રવ્ય ખરચીને કરી ગયેલા મો-
જુદ છે. આ ભંડારો માંહેનાં પુસ્તકો તથા તેના રૂમાલ
પાઠાં વિગેરે ઉપગરણો મોટા મોટા ઉપાશ્રયમાં મુકેલાં
હોયછે અને મુકાય છે; કાળના દુષણથી તેવા ઉપાશ્ર-
યની અંદર વાસ કરનારા યતિઓ ગૃહસ્થની જેવા થઇ
પડવાથી તમામ ભંડારને ફના કરી મુકે છે એટલે અ-
યોગ્ય સ્થાનકે આપી દેછે, વેચી નાખેછે, અવ્યવસ્થિત
રહેવાથી બગડી જાયછે, અથવા તો તેવા ભંડારોના
માલીક પોતેજ થઈ પડી કોઈ પણ સંવેગી મૂની મહા-
રાજાને અથવા સુજ્ઞશ્રાવકોને વાંચવા પણ આપતા નથી
અને પોતે તો કર્મદોષથી બુદ્ધિહીણજ હોયછે તેથી તેને

ઉપયોગ અગર સંભાળ કરી શકતા નથી તેથી કેટલાક વર્ષે તેવાં તાળાં વાશી રાખેલા ભંડારોમાનાં પુસ્તકો હત પ્રહત થઈ જઈ તેનો નાશ થઈ જાયછે અર્થાત્ ઉપયોગમાં આવે તેવાં રહેતાં નથી. માટે આ બાબતમાં ભંડાર કરાવનારાઓએ અગાઉથીજ આગળઉપર સારી રીતે બંદોબસ્ત રહેવા માટે અને જે કાર્યને માટે ભંડાર કરવામાં આવેછે તે કાર્ય સફળ થવા માટે વ્યવસ્થા કરી રાખવી જોઇએ.

પ્રસંગોપાત ઉજમણાં તથા જ્ઞાનના ભંડારો વિગેરે બાબતો ઉપર લક્ષ જવાથી મુળ વિષય જે દેવ દ્રવ્યનો છે તે પડયો રહેલોછે. જોકે તે વિષયો પણ દેવ દ્રવ્યની જેવા અને તેની સાથે સંબંધ ધરાવનારા છે. જ્ઞાન દ્રવ્ય, ગુરૂદ્રવ્ય તથા સાધારણ દ્રવ્યની બાબતમાં પણ શાસ્ત્રકારે દેવદ્રવ્યની જેવોજ ગુણ દોષ કહેલોછે. પરંતુ હાલ દેવદ્રવ્યની બાબતમાંજ વધારે કહેવાની જરૂર હોવાથી તે બાબત વિશેષે કરીને લખેલી છે.

૧૨ શ્રી સંબોધશિત્તરી નામે પ્રકરણમાં કહયું છે કે

**जिणपव्वयणवुद्धिकरं,पभावगंनाणदंसणगुणाणं ॥**
**रख्खंतोजिणदव्वं, तिथ्थयरंतंलहइजीवो ॥**

અર્થ—જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન

દર્શણ ગુણનો પ્રભાવક એવો જીવ જો દેવદ્રવ્યનું રક્ષણ કરેછે તો તિર્થંકરપણા પ્રતે પામેછે.

૧૩ વળી તેજ પ્રકરણમાં કહ્યુંછે કે.

**जिणपव्वयणवुद्दिकरं,पभावगंनाणदंसणगुणाणं ॥**
**भरूखंतोजिणदव्वं, अणंतसंसारीउहोइ ॥**

અર્થ—જિન પ્રવચનની વૃદ્ધિનો કરનાર, અને જ્ઞાન દર્શન ગુણનો પ્રભાવક એવોછે તોપણ જો દેવદ્રવ્યનું ભક્ષણ કરેછે તોતે અનંતસંસારી થાયછે.

આ બે ગાથા ઉપરથી એટલુંતો સમજાશેકે ગમે તેટલી બીજી પુન્ય કરણી કરે પરંતુ જો દેવદ્રવ્યનું ભક્ષણ કરેછે તો તેની પુન્યની કરણી નિરર્થક થાયછે અને અનંત સંસાર વધેછે; તોપણ એટલું સમજવાનું બાકી રહેલું છે કે શકિતવાન છતાં કોઇ પણ શ્રાવક અલગ રહે, બીલકુલ સભાળ ન કરે અથવા ઉવેખી મુકે તો તેને પણ શાસ્રકારે પ્રાયશ્ચિત કહેલુંછે. યદુકતં શ્રી સંબોધશિત્તરી પ્રકરણે.

**भरूखेइजोउवेरूखेइ, जिणदव्वंतुसावउ ॥**
**पन्नाहीणोभवेज्जीवो, लीप्पइपावकम्मुणा ॥**

અર્થ—દેવદ્રવ્યનું ભક્ષણ કરે અથવા તો બગાડ

થતો હોય તેને ઉવેખી મુકે તે શ્રાવક બુદ્ધિહીણો થાય અને પાપકર્મે કરીને લેપાય.

આ ગાથા ઉપરથી એટલું સિદ્ધ થાયછે કે ભક્ષણ કરવું અને ઉવેખી મુકવુ તે બંને કોઇ અપેક્ષાએ કરીને શાસ્ત્રકારે સમતુલ્ય કહેલુંછે. માટે દરેક શ્રાવકભાઇઓએ સ્વશક્તિ અનુસારે દેવદ્રવ્યના રક્ષણ નિમીતે પ્રયત્ન કરવું જોઇએ, પણ એમ ન સમજવું કે સંભાળ રાખવી તે કામતો શ્રીમંતોનુંછે. શું સાધારણ સ્થિતિ વાળાઓનુ નથી? સર્વેનુંછે; કારણકે સંભાળ કરવી તે પોતાની શક્તિ પ્રમાણે છે. કોઇ સ્વદ્રવ્ય અર્પણ કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરેછે, કોઇ બગાડ થએલો લક્ષમાં લઇને બગાડ કરનારને શિક્ષા કરેછે, વીખરાએલું દ્રવ્ય એકઠું કરેછે, કોઈ ગરીબાવસ્થાવાળા શ્રાવકો તેવા કામની પ્રેરણા કરેછે, અર્થાત્ કલમ રૂપી શમશેર ચલાવીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરાવેછે અને નાશ કરનારને શિક્ષા કરાવેછે. પ્રસંગ પડવાથી લોહ સમશેર કરતાં કલમરૂપી સમશેર વધારે કામ કરી બતાવેછે. આ વાત ધ્યાનમાં રાખીને સર્વે શ્રાવકોએ યથા શક્તિ પ્રયત્ન કરવા ઉદ્યુક્ત રહેવું જોઇએ.

ચૈત્ય દ્રવ્યનો નાશ કરનારને અનંત સંસાર ફરવો પડે છે તેનું મૂળ કારણ તેના સમ્યકતરૂપી અમૂલ્ય રત્નનો નાશ થાયછે તે છે. આ બાબત શ્રી સંબોધ શિત્તરી પ્રકરણમાંજ કહ્યુંછે કે.

**चेइअदव्वविणासे, रिसीघाएपवयणस्सउड्डाहे ॥**
**संजइचउथ्थभंगे, मूलग्गीबोहीलाभस्स ॥**

અર્થ—ચૈત્ય દ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિ મહારાજાની ઘાત કરવાથી, સાસનની ઉડાહ કરવાથી અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરવાથી બોધીબીજ જે સમ્યકત તેના મુળને વિષે અગ્ની લાગી જાય છે. એટલે અગ્નીએ કરીને દગ્ધ થએલું વૃક્ષ જેમ નવપલ્લવ થતું નથીતેમ ચૈત્ય દ્રવ્યનો નાશ કરનારના સમકીત રૂપી વૃક્ષનું મુળ જે કે અગ્નીએ કરીને દગ્ધ થઈ જાયછે તે ફરીને અંકુર ધારણ કરતું નથી એટલે તેને સમકિતની પ્રાપ્તી થતી નથી,સમકિત શિવાય વૃતની પ્રાપ્તી થતી નથી અને વૃત શીવાય મોક્ષની પ્રાપ્તી થતી નથી એજ કારણથી તેને સંસારમાં અનંતો કાળ પર્યટણ કરવું પડે છે. આવી રીતે સર્વે સુકાર્યોનો નાશ ફકત એક દેવદ્રવ્યનો નાશ કરવાથી થાયછે.

આ વીષય એટલો મોટો અને ગહન તેમજ ગંભીરછે

કે તેના સંબંધમાં જેટલું લખીએ તેટલું થોડુંછે માટે આવિષય પુરો કરતાં અગાઉ દેવદ્રવ્યનું ભક્ષણ કરનારને આભવે અને પરભવે કેવા દુઃખો ભોગવવા પડેછે, કેવી કેવી નીચ યોનીમાં જન્મ ધારણ કરવો પડેછે, કેવા પ્રકારે ભવભવને વિશે મૃત્યુપ્રાપ્ત થાયછે તેનો તેમજ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાથી યાવત્ કેવીરીતે તિર્થંકર પદવી અને મોક્ષ સુખ પ્રાપ્ત થાયછે તેનો આભાસ બતાવવા માટે શ્રાદ્ધ વિધિ ગ્રંથમાંથી સાગરશેઠનું દ્રષ્ટાંત સંક્ષીપ્ત વૃતાંત સાથે આ નીચે લખ્યુંછે, જેથી સર્વે સ્વજનો તે દ્રષ્ટાંતને પોતાના હૃદયમાં કોરી રાખી તેવા અકાર્યથી નિરંતર દુર રહેશો.—

શ્રી સાંકેતપુર નામે નગરને વિષે સાગર નામે શેઠ પરમભક્તિવંત સુશ્રાવક હતો તેને સર્વે શ્રાવકોએ યોગ્ય જાણીને ચૈત્યદ્રવ્ય સાર સંભાળ તથા યોગ્ય રીતે વ્યય કરવા નિમિત્તે આપ્યું અને કહ્યું કે તમારે દેરાસરની અંદર સુત્રધાર એટલે સુતાર વિગેરે કારીગરો પાસે કામકાજ કરાવવું અને તેને મજુરીના પૈસા રીતસર આપવા. સાગરશેઠને આ પ્રમાણે સંમત થવાથી લોભને વશ કરીને તે સુતાર વિગેરે કારીગરોને રોકડું દ્રવ્ય આપે નહીં, ચૈત્યના દ્રવ્યથી સંઘરી રાખેલું ધાન્ય, ગોળ, ઘી, તેલ, વસ્ત્ર પ્રમુખ આપે અને તેમાં જે

કમાણી રહે તે પોતાના ઘરમાં રાખે. આવી રીતે વેપાર કરતાં તેણે એક હજાર કાંકણી ઉપાર્જન કરી[1] અને પોતાના ઘરમાં રાખી તેણે કરી ઘોરકર્મનો બંધ કરી અંત સમયે આલોયા પડીકમ્યા વિના ત્યાંથી મરણ પામીને સમુદ્રને વિષે જળચર મનુષ્ય થયો, તે જળચર વજ્ર રિષભ નારાચ સંઘયણના ધણી હોય છે અને તેના ઉદરમાં જળતરણી ગુટીકા[2] થાયછે. એ ગુટીકાને ગ્રહણ કરનારા વેપારીઓએ તે મચ્છને જાળ-માં પકડયો, પકડીને વજ્રની ઘંટીને વિષે છ માસ સુધી દળ્યો જેથી અત્યંત પીડા ભોગવી ત્યાંથી કાળ કરી ત્રીજી નરકે ગયો. વેદાંતને વિશે પણ કહ્યુંછે કે.—

देवद्रव्येणयावृद्धिः, गुरुद्रव्येणयद्धनं ॥
तद्धनंकुलनाशाय, मृतोपिनरकंव्रजेत् ॥१॥

અર્થ—દેવદ્રવ્યે કરીને જે વૃદ્ધિ થાય તે અને ગુરૂદ્રવ્યે કરીને જે ધનની પ્રાપ્તિ થાય તે ધન કુળના નાશને અર્થે થાયછે અને મરણ પામ્યા પછી પણ નર્ક પ્રતે પમાડેછે.

નર્કને વિષે અપાર દુઃખ ભોગવી ત્યાંથી નીકળીને સમુદ્રને વિષે પાંચસેં ધનુષના શરીરવાળો મચ્છ થયો

---

૧ હજાર કાંકણીના રૂપીઆ સાડાબાર થાયછે. ૨ ગોળી.

તેને મ્લેચ્છ લોકોએ પકડી સર્વાંગ છેદનકરી મહા કદર્થના પમાડી ત્યાંથી કાળ કરીને ચોથી નર્કે ગયો. એવી રીતે પહેલીથી માંડીને સાતમી નર્કસુધી ઘણી વખત જઇ આવ્યો ત્યાર પછી હજાર કાંકણી પોતાની ઉપજીવીકામાં લીધેલી હતી તેથી તમામ જાતીને વિષે હજાર હજાર વાર ઉત્પન્ન થયો. હજાર વાર ખાડને વિષે ભુંડ, હજારવાર બોકડો, હજારવાર હરણ, હજારવાર સસલો, હજારવાર સાબર, હજારવાર શીયાળ, હજારવાર બીલાડો, હજારવાર ઊંદર, હજારવાર નોળીયો, હજારવાર ગૃહ કોકિલા, હજાર વાર ગોધો, હજાર વાર સર્પ,હજાર વાર વીંછી,અને હજારવાર વિષ્ટાને વિશે કૃમી થયો; એવી રીતે હજાર હજારવાર પૃથ્વિ, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, શંખ, જળો, કીડા, માખી, ભમરો, મચ્છર, કાચબો, રાસભ, પાડો, અષ્ટાપદ નામે જનાવર, ખચર, ઘોડા, હાથી, વાઘ, સિંહ વીગેરે તમામ જાતિને વિશે લાખો ભવ પર્યંત ભ્રમણ કરીને પ્રાયે દરેક ભવને વિશે શસ્ત્ર ઘાતે કરીને મહા વ્યથા ભોગવી મરણ પામતો હવો. એવી રીતે દુઃખ ભોગવતાં ઘણું કર્મક્ષીણ થઈ ગયું, થોડું રહ્યું ત્યારે વસંતપુર નામે નગરને વિશે વસુદત્ત અને વસુમતિને ત્યાં પુત્રપણે ઉ-

ત્પન્ન થયો, ગર્ભમાં આવતાંજ સર્વ લક્ષ્મિ નાશ પામી, જન્મને દીવશે પિતા મરણ પામ્યો, પાંચમે વરસે માતા મરણ પામી; તેથી લોકોએ મળીને તેનું અપુનીઓ નામ પાડયું;અનુક્રમે તે વૃદ્ધિ પામતો હવો; એકદા તેનો મામો ત્યાં આવ્યો તે તેને અતિ દુઃખી જાણીને પોતાને ઘેર તેડી લાવ્યો, તેજ રાત્રે ચોરોએ તેનું ઘર લુંટી લીધું, એવી રીતે જેને ઘરે જાય તેને ત્યાં તેજ દિવસે ચોર ધાડ અગ્નિ વિગેરેનો ઉપદ્રવ થાય તેથી તેને કોઇએ રાખ્યો નહીં, અત્યંત દુઃખ પામવાથી ઉદ્વીગ્ન ચીત્તવંત થઇને દેશાંતરને વિશે ચાલ્યો, અનુક્રમે તામલીપ્તપુરને વિશે આવ્યો.

તામલિપ્તપુરીને વિશે વિનયંધર શેઠને ત્યાં શેવક પણે રહ્યો, તેજ દીવસે તેનું ઘર અગ્નિએ કરીને બળી ગયું, તેથી તેને શ્વાનની પેરે ઘરબહાર કાઢી મુકયો, ત્યાંથી ભમતો ભમતો અનુક્રમે સમુદ્રને તિરે આવ્યો તેવામાં ધનાવહ નામે શેઠ યાત્રા નિમિત્તે પ્રવહણમાં બેશીને જતો હતો તેની સાથે શેવકપણે તે અપુનીઓ પણ તેજ વહાણમાં બેઠો. વહાણ સુખે કરીને અન્યદ્વીપ પ્રત્યે પહોંચવા આવ્યું તેટલામાં અપુનીઓ મનમાં વિચારવા લાગ્યો કે અહો! મારૂં ભાગ્ય હવે

ઉઘડયું જણાય છે, કારણકે મારા બેઠા છતાં આ વાહાણ ભાંગ્યું નહીં, આવો વિચાર કરેછે તેવામાં તત્ક્ષણ કોઇ દેવે આવીને પ્રચંડ દંડના પ્રહારે કરીને તે વહાણના કટકે કટકા કરી નાખ્યા, કાંઇક ભાગ્યોદયથી અપુનીઆના હાથમાં પાટીઆનો કટકો આવ્યો તેની સાથે તરતાં તરતાં સમુદ્રને કીનારે કોઇ ગામ હશે ત્યાં પહોચ્યો. તે ગામના ઠાકુરની સાથે ઇર્ષા ધરાવનાર તે ગામની નજીકની એક પાળના પલ્લીપતિએ તે દીવસે ત્યાં ધાડ પાડી અને અપુનીઆને ઠાકોરના પુત્રની ભ્રાંતીએ બાંધીને ઉપાડી ગયા.

જે દીવસે અપુનીઆને પાળમાં લાવ્યા તેજ દીવસે બીજા પલ્લીપતિએ તે પાળને ભાંગી અને તેનો વિનાશ કર્યો, પલ્લીપતિએ અપુનીઆને નિર્ભાગી જાણીને કાઢી મુકયો. કહ્યુછે કે.—

खल्वाटोदिवसेश्वरस्यकिरणैःसंतापितोमस्तके ।
वांछन्स्थानमनातपंविधिवशात्बिल्वस्यमुलंगतः ॥
तत्राप्यस्यमहाफलेनपततालग्नंसशब्दंशिरः ।
प्रायोगच्छतियत्रदैवहतकस्तत्रैवयांत्यापदः ॥१॥

અર્થ—દીવસેશ્વર જે સુર્ય તેના તાપે કરીને સંતાપીત થયેલો એવો કોઈ ઉઘાડા મસ્તકવાળો પુરૂષ તડ-

કા વિનાનું સ્થાન વાંછતો છતો ભાગ્યના વશે કરીને બીલાના ઝાડ નીચે ગયો ત્યાં પણ તે ઝાડનું ફળ મસ્તક ઉપર પડયું જેથી માથુ ફુટી ગયુ માટે એમજ સમજવું કે પ્રાયે ભાગ્યહીન પુરૂષ જ્યાં જાય ત્યાં આપદા આવીને પડે છે.

અપુનીઆને પાળ બહાર કાઢયા પછી તેના ભાગ્ય હીનપણાથી ૯૯૯ વાર અન્ય અન્ય સ્થાનકને વિશે ચોરનો, જળનો, અગ્નિનો, સ્વચક્રનો, પરચક્રનો એ વિગેરે અનેક ઉપદ્રવો થયા અને દરેક સ્થાનકથી તે ભ્રષ્ટ થયો તેથી છેવટે ભમતાં ભમતાં એક મોટી અટવીને વિશે સેલક નામે યક્ષના દેરા પાસે આવ્યો, ત્યાં આવીને એકાગ્ર ચિત્તે કરીને પોતાના દુઃખનું નિવેદન કરતો છતો એકવીસ ઉપવાસ કરતો હવો.' એકવીસમે ઉપવાસે યક્ષ તુષ્ટમાન થઇને બોલ્યો કે હે પુરૂષ! સંધ્યાકાળને વિશે મારી સમીપે સુવર્ણના હજાર પીંછાએ અલંકૃત એવો મોટો મોર આવીને નૃત્ય કરશે, દરરોજ તેનું સુવર્ણમય એક પીંછુ પડશે તે તારે ગ્રહણ કરવું. એ પ્રમાણે કહીને યક્ષ અદ્રશ્ય થયો.

યક્ષના કહેવા પ્રમાણે દરરોજ એકેક પીંછું ગ્રહણ કરતાં કરતાં અનુક્રમે નવસેં પીંછાં તેને મળ્યાં. બાકી

સો પીંછાં રહ્યાં તેટલામાં દુઃકર્મનો પ્રેર્યો થકો તે અપુનીઓ ચીંતવવા લાગ્યો કે હવે આ સો પીંછાં લેવાને માટે મારે કેટલા દિવસ આ અટવીને વિશે રહેવું. માટે આજે મોર નાટક કરવા આવે ત્યારે એક મુષ્ટીએ કરીને સોએ પીંછાં લઇ લઊં. આ પ્રમાણે ચીંતવન કરીને સંધ્યા સમયે જ્યારે મોર આવ્યો અને નાટક કરવા માંડયું ત્યારે અપુનીઓ જેવો તે પીંછાં એકદમ લઈ લેવાને માટે ઉદ્યમવંત થયો તેવો તરતજ તે મયુર કાગડો થઇને ઉડી ગયો અને તેજ વખત અગાઉના મળેલાં નવસેં પીંછાં પણ નષ્ટ થયા.

આવી રીતે પોતાની આશામાં નિરાશ થવાથી અપુનીઓ વિચારવા લાગ્યો કે ધિક્કારછે મને કે મેં ફકત સો દિવસને માટે ઉછકપણું કર્યું એમ વિચારી ખિન્ન ચિત્ત થયો થકો અટવીમાં ભમે છે તેવામાં એક મૂનિ મહારાજાને દીઠા, દેખીને નમસ્કાર પુર્વક પોતાના પુર્વ કર્મનું સ્વરૂપ પુછવા લાગ્યો. ગુરૂમહારાજાએ તેના પુર્વ ભવનું સ્વરૂપ કહી બતાવ્યું એટલે અપુનીએ કહ્યું કે હે ભગવંત! મેં પુર્વ ભવે દેવદ્રવ્યથી કરેલી ઉપજીવીકાનું જે પ્રાયશ્ચિત હોય તે બતાવો. ગુરૂ મહારા-

જાએ કહ્યું કે હે દેવાનુ પ્રીય ! આજથી તને વ્યાપાર વિગેરે કાર્યમાં જે કાંઈ લાભ પ્રાપ્ત થાય તેમાંથી ફક્ત વસ્ત્ર અને આહાર શિવાય જે વધે તે દેવદ્રવ્યમાં અર્પણ કર એટલે તેં ભક્ષણ કરેલા દ્રવ્યથી જ્યારે એક હજાર ગણું દ્રવ્ય તું અર્પણ કરીશ ત્યારે પુર્વ કર્મથી છુટીશ.

આ પ્રકારનાં ગુરૂમહારાજાનાં વચનને અંગીકાર કરી વિશુદ્ધ શ્રાવક ધર્મને આદરતો હવો. પુર્વ કર્મનો ક્ષય થઇ જવાથી તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં વ્યાપારમાં ઘણા દ્રવ્યની પ્રાપ્તી થવા માંડી. તેણે પણ આજીવીકા માત્ર દ્રવ્ય શિવાય તમામ ચૈત્યદ્રવ્યમાં અર્પણ કરવા માંડયું. થોડા દિવસોમાં પુર્વે ભક્ષણ કરેલી હજાર કાંકણીના બદલામાં દસલાખ કાંકણી તેણે દેવદ્રવ્યમાં આપી અને રણ રહીત થયો.

ત્યારપછી અનુક્રમે ઘણું દ્રવ્ય મેળવીને પોતાના નગરને વિશે આવ્યો. રાજાએ તેને ઘણું માન દઇને નગર શેઠની પદવી આપી, ત્યારપછી તેણે પોતાના દ્રવ્યે કરીને અનેક ચૈત્ય કરાવ્યાં તેમાં નિરંતર પુજા પ્રભાવના આદિ શુભ કાર્યો કરતાં અને યથાયોગ્ય રીતે દરેક ચૈત્યની સારસંભાળ તથા તેના દ્રવ્યનું રક્ષણ કરતાં તેણે તિર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

અવસરે દિક્ષા ગ્રહણ કરી, સમ્યક પ્રકારે ચારિત્ર પાળી, ગીતાર્થ થઇ શુદ્ધ ધર્મદેશના દઇ, ભવિ જીવને પ્રતીબોધી જિનભક્તિરૂપ પ્રથમ સ્થાનક આરાધી તિર્થંકર નામ કર્મનો નિકાચીત બંધ કરી અંત સમયે અણસણ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવતા થયો. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રને વિષે તિર્થંકરપણું પામી મોક્ષ પ્રતે પામશે.

ઇતિ દેવદ્રવ્ય ભક્ષણ રક્ષણોપરી સાગરશ્રેષ્ટી કથા.

---

આ દ્રષ્ટાંતનું શ્રવણ કરવાથી સર્વે શ્રાવક ભાઇઓના ચિત્તને વિષે દેવદ્રવ્ય સબંધી વાસ્તવીક રીતિ પ્રતિષ્ટીત થઇ હશે માટે હવે તે વિષે વધારે લખવાનું પ્રયોજન નથી એમ જાણીને ભાષણ પુરૂં કરતાં અગાઉ જણાવવું પડેછે કે દેવદ્રવ્યનું રક્ષણ કરવું તે મુખ્યત્વે કરીને શ્રીમંતોની ફરજ છે સબબકે પુન્ય પ્રાપ્તી થવાના, જ્ઞાન પ્રાપ્ત કરવું અર્થાત વિધા ભણવી, સામાયક પોસહાદિ ધર્માનુષ્ટાન કરવા. છઠ અઠમાદિ તપસ્યા કરવી, વિગેરે જે જે કારણો શાસ્ત્રકારે બતાવેલાં છે તેમાનાં શ્રીમંતોથી ઘણાં થોડાં બને છે, માટે શ્રીમંતો-

ને અપાર પુણ્યની પ્રાપ્તી કરી લેવાનું તે મુખ્ય સાધનછે.

આ ઉપરથી ગરીબાવસ્થા વાળાએ એમ ચીંતવવું જોઇતું નથી કે જ્યારે દેવદ્રવ્યના રક્ષણનું કામ શ્રીમંતોનુ છે ત્યારે આપણે તે કામમાં ચીત્ત શા માટે આપવું જોઇએ? પરંતુ એવો વિચાર કરવો ઘટીત નથી કારણકે પુર્વે લખાયેલા શ્રી સંબોધશિત્તરીના પાઠમાં સર્વે શ્રાવકોની ફરજ છે એમ બતાવેલુંછે.

અગાઉ કહેવામાં આવ્યુંછે કે શ્રાદ્ધ વિધિ આદી ગ્રંથો આપણે સાંભળેલા અથવા વાંચેલા હોયછે, તે ઉપરથી એમ સમજવાનું છે કે શાસ્ત્રનું શ્રવણ કરવું તે શ્રાવકના નિત્યના ષટ કર્મ માંહેનું એક કર્મછે અને જેણે શાસ્ત્રનું શ્રવણ કર્યું નથી તેને માટે શાસ્ત્રકાર આ પ્રમાણે કહેછે યતઃ

नदेवंनादेवंनशुभगुरुमेतंनकुगुरुं ।
नधर्मनाधर्मनगुणपरिणद्धंनानिगुणं ॥
नकृत्यंनाकृत्यंनहीतमहीतंनापिनिपुणं ।
विलोकंतेलोकाजिनवचनचक्षुर्विरहीता ॥

અર્થ—જીનવચનરૂપી જે ચક્ષુ તેણે કરીને રહીત એવા લોકો, નથી દેવને જાણી શકતા, નથી કુદેવને

જાણી શકતા, નથી ગુરૂને જાણી શકતા, નથી કુગુરૂને જાણી શકતા, નથી ધર્મને જાણી શકતા, નથી અધર્મને જાણી શકતા, નથી ગુણવંતને ઓળખી શકતા, નથી નિર્ગુણીને ઓળખી શકતા, નથી કૃત્ય શુંછે એમ સમજી શકતા, નથી અકૃત્ય શું છે તે સમજી શકતા, નથી હીતને જાણતા, નથી અહીતને જાણતા, તેમજ નિપુણપણાને પણ ધારણ કરી શકતા નથી, અર્થાત સર્વ વસ્તુઓને તેના યથાસ્થિત રૂપમાં ઓળખી શકતા નથી.

ઉપરના કાવ્યથી જીન વચનનું શ્રવણ કરી જીન વચન રૂપી ચક્ષુ મેળવવાં એવુંતો સમજાયું હશે, પરંતુ જીન વચનરૂપી ચક્ષૂ ધારણ કરી કૃત્યા કૃત્યનો વિચાર કરી કરવા યોગ્ય જે ધર્મ સંબંધી કાર્ય તે કરવાને તત્પર થવું જોઇએ. કારણ કે ઘણા પુન્યના સમુહે કરીને મનુષ્ય જન્મની પ્રાપ્તી થાય છે અને મનુષ્ય જન્મને સફળ કરવાનું મુખ્ય સાધન ધર્મ કરણી કરવામાં નિરંતર ઉદ્યમ કરવો તે છે. જે પ્રાણી મનુષ્ય જન્મ પામીને ફાગટમાં ગુમાવે છે તેને માટે શાસ્રકાર આ પ્રમાણે કહેછે યતઃ

योप्राप्यदुःप्रापमिदंनरत्वं ।
धर्मंनयत्नेनकरोतिमुढ ॥
क्लेशप्रबंधेनसलब्धमब्धौ ।
चिंतामणींपातयातिप्रमादात् ॥

અર્થ--અતિ દુઃખે કરીને પ્રાપ્ત થાય એવો જે મનુષ્ય ભવ તેને પામીને જે મૂઢ ધર્મકાર્યમાં ઉદ્યમ કરતો નથી તે અતિશય કલેશે કરીને પ્રાપ્ત થયેલા ચિંતામણી રત્નને સમુદ્રમાં ફેંકી દેછે.

આ કાવ્યમાં જણાવ્યા પ્રમાણે મનુષ્ય જન્મ ચિંતામણી રત્ન સમાન છે, માટે તે પામીને ધર્મકાર્યને વિષે બીલકુલ પ્રમાદ ન કરવો જોઇએ,. કારણ કે જે મનુષ્ય પોતાનો ભવ પ્રમાદને વિષે નિમગ્ન થઇ સંસારી કાર્યોમાં ગુંથાઈ રહી નિરર્થક ખોઇ નાખે છે તેને માટે શાસ્ત્રકાર આ પ્રમાણે કહેછે યતઃ

स्वर्णस्थालेक्षिपतिसरजपादशौचंविधत्ते ।
पियूषेणप्रवरकरिणंवाहयत्यैंधभारै ॥
चिंतारत्नंविकीरतिकराद्वायसोड्डायनार्थं ।
योदुःप्रापंगमयतिमुधामर्त्यजन्मप्रमत्तः ॥

અર્થ—દુખ પ્રાપ્ય એવો મનુષ્યનો જન્મ તેને જે

પ્રાણી ફાગટમાં ગુમાવેછે તે સોનાના થાળને વિષે કચરો ક્ષેપન કરેછે, અને અમૃતે કરીને પગ ધોવે છે, તથા શ્રેષ્ટ એવા હસ્તીની ઉપર ઇંધણાંના ભારનું વહન કરાવે છે, તેમજ ચીંતામણી રત્નને કાગડો ઉડાડવા માટે ફેંકી દેછે.

આ કાવ્યના સારનું ગ્રહણ કરીને દરેક પ્રાણીએ ધર્મ કાર્યમાં પ્રવૃત થવું જોઇએ જ્યારે ધર્મના કાર્યમાં પ્રવૃત થવાને ઉધમવંત થાય ત્યારે શું કાર્ય કરવું તે વિચાર પહેલ વહેલો સોના હૃદયમાં આવશે. ધર્મનાં કાર્યો અનેક છે અને તમામ કાર્યોમાં પુન્ય પ્રાપ્તી વધતી ઓછી પણથાયછે, તોપણ હાલ આ ભાષણ કરવાનો તાત્પર્ય સર્વે શ્રાવક ભાઇઓનું હૃદય દેવદ્રવ્યના રક્ષણ સંબંધી કાર્યમાં આકર્ષણ કરવાનોછે. દેવદ્રવ્યના રક્ષણમાં પણ મુખ્ય શ્રી શત્રુંજય તિર્થના દ્રવ્યનું રક્ષણ કરવું તે છે, કારણ કે વર્ત્તમાન સમયમાં તેની સંપુર્ણ જરૂરીયાત છે, તે હકીકત પ્રારંભમાંજ દર્શાવેલી છે. શત્રુંજય તિર્થ સર્વ તિર્થોમાં પ્રધાનછે. આ ભરત શિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં તેવું તિર્થ નથી. આ તિર્થ પ્રાયે શાશ્વતુ છે, અનંતાજીવો ત્યાં મોક્ષ પ્રતે પામ્યાછે એવા અત્યુત્તમ

તિર્થની યાત્રા કરવી અથવા શેવા કરવી તે મહા દુ-ર્લભછે, કારણકે પુર્ણ પુન્યના યોગ શિવાય તેની શેવા મળી શકતી નથી. કહ્યુંછે કે "ઇંદ્રાદીક પણ એ તિરથની ચાકરી ચિત્તમાં ચાહે" વિચારો કે ઇંદ્રાદીક પણ જે તિર્થની ચાકરી ઇચ્છે છે, ચાહના કરેછે, તો મનુષ્યને તો અવશ્ય ઇચ્છા ધારણ કરવી જોઇએ. પરંતુ ઇચ્છા છે તે અ પ્રાપ્ત વસ્તુને માટેછે અને આતો આપણને પ્રાપ્ત થયેલી વસ્તુછે; પ્રાપ્ત થયેલી વસ્તુનું શેવન કરવું તે આપણી ફરજછે. માટે દરેક શ્રાવક ભાઈ યથા શ-ક્તિએ શ્રી શત્રુંજય તિર્થનું દ્રવ્ય જે ગેર રસ્તે ગયેલુંછે તેને માટે તેમજ હવેથી તેવી રીતે ન બનવાને માટે તનમન અને ધનથી પ્રયત્ન કરવા ઉદ્યમવંત થશો અને ઇચ્છીત કાર્યમાં સાફલ્યતા પ્રત્યે પામશો એવી પ્રાર્થ-નાછે તે ફળીભુત થાઓ ! તથાસ્તુ.

સમાપ્ત.

# જાહેર ખબર

સદ્ગ્રહસ્થો ! ગયા કાર્તિક વદી ૧૩ ને દિવસે આ સભાના સભાસદ મિ૦ દુલભજી વિરચંદ ફકત બાવીસ વર્ષની નાની ઉમ્મરમાં આ ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયા; તેઓ અમારી સભાના દરેક કાર્યમાં ઉપયોગી અને માયાળુ સ્વભાવના સભાસદ હોવાથી તેમના અચાનક મૃત્યુની દિલગીરી તમામ સભાસદોને અત્યંત થઈ હતી. એવા ઊપયોગી સભાસદની યાદગીરી કોઇપણ પ્રકારે કાયમ રહે તેમ કરવાનો દરેક સભાસદનો વિચાર થવાથી ગયા માગશર વદી ૨ ને દિવસે ભરાયેલી સભામાં "દુલભજી પુસ્તકાલય" એ નામનું એક જૈન પુસ્તકાલય સ્થાપન કરવું એવો વિચાર સભા તરફથી બહાર પાડવામાં આવ્યો. આ પુસ્તકાલયને માટે ફંડ કરવાનો વિચાર સભાએ જણાવ્યા ઉપરથી તેજ વખતે તે ફંડની અંદર મા૦ સભાસદ દુલભજીના પિતા શ્રી તથા બીજા સદ્ગ્રહસ્થોએ રૂપૈયા ભર્યા તેની વિગત.

૩૦૧) દોશી વિરચંદ ફતેચંદ.

૨૫) શેઠ વિરચંદભાઇ દીપચંદ શ્રી મુંબઇ.

૫૧) દોશી આણંદજી પુરૂષોત્તમ.

૪૦) વોરા અમરચંદ જશરાજ.

૧૦) વોરા તારાચંદ ઠાકરશી.

૧૦) સંઘવી શવચંદ વેલા.

૧૦) શા. નાનચંદ રાઇચંદ.

૫) શા. નારણજી ભાણાભાઇ.

૧૭૩) સભાસદોની અંદર થયેલા ફંડના.

ઉપર પ્રમાણે કુલ રૂ૫૯૫-૦-૦ ફંડની અંદર ભરાયા છે.

હાલમાં બાબુ સાહેબ રાય ધનપતિસિંહજી બહાદુરની તરફથી છપાએલાં સૂત્રો તથા ગ્રંથો મળી કુલ પુસ્તકો (૧૮) તેમના મુનિમ લક્ષ્મીચંદજી તરફથી શ્રી અમદાવાદ વાળા શા. લલુભાઈ ધનજી મારફત આ પુસ્તકાલય ખાતે ભેટ દાખલ મળેલાં છે.

એ પ્રમાણે જે જે ગ્રહસ્થોએ એ પુસ્તકાલયની અંદર જે જે પ્રકારે મદદ આપીછે તેમનો અમો સંપૂર્ણ રીતે ઉપગાર માનીએ છીએ.

હજુ પણ ફંડ ચાલુછે, માટે ઉદાર દીલના સદ્-ગ્રહસ્થો યોગ્ય સ્થાનકે પોતાની ઉદારતા દર્શાવવાના હેતુથી આવા અગત્યના પુસ્તકાલયના ફંડની અંદર પોતાની શકિત પ્રમાણે મદદ આપશે એવી આશા છે.

આ ફંડની અંદર મદદ આપનાર સાહેબોનાં મુબારક નામ પુસ્તકાલયના વાર્ષીક હીસાબની અંદર છપાવીને બહાર પાડવામાં આવશે. પોસ સુદ ૧૧ રવીવાર ૧૯૪૧

શ્રી જૈ. ધ. પ્ર. સભાના મંત્રી.

# ખબર.

નીચે લખેલી ચોપડીઓ શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભાની ઓફીસમાંથી રોકડી કીંમતે મળશે.

| | | |
|---|---|---|
| ૧ | મુખાપીત સ્તવનાવળી ભાગ પેલો | ૦—૮—૦ |
| ૨ | મુખાપીત સ્તવનાવળી ભાગ બીજો | ૦—૬—૦ |
| ૩ | સત્તરભેદી પૂજા (આત્મારામજી કૃત) | ૦—૧—૦ |
| ૪ | વિશસ્થાનકની પૂજા ,, | ૦—૧—૦ |
| ૫ | સમકિત સલ્યોદ્ધાર (ઢૂંઢક મતનું ખંડન) | છપાયછે- |
| ૬ | દેવદ્રવ્ય (ભાષણ) | ૦—૨—૦ |